Divyabhaskar (Kalash)

March 29, 2017
Pg.4

EDII

# પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટના ઇન્ટરવ્યૂ

ગયા લેખમાં પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટ્સમાં પ્રવેશ માટે લેવાતી એન્ટ્રસ ટેસ્ટના વિષયો જોયા બાદ, આવી એડમિશન ટેસ્ટ બાદ લેવાતા પર્સનલ ઇન્ટરવ્યૂમાં કેવા પ્રશ્નો પુછાતા હોય છે તેની ચર્ચા કરીશું.

કરિયર
રાજેન્દ્રઉપાધ્યાય

કેટલીક પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટ્સની એન્ટ્રસ એક્ઝામ રૂપે તેઓની એડમિશન ટેસ્ટ પાસ કર્યા બાદ, પાસ થયેલા ઉમેદવારોની G.D.P.I. (G.D.- ગ્રૂપ ડિસ્કશન, P.I. - પર્સનલ ઇન્ટરવ્યૂ) લેવામાં આવે છે. G.D.P.I.માં મેળવેલા માર્કિંગને આધારે જ પ્રવેશ નિશ્ચિત બને છે. જ્યારે મોટાભાગની પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટ્સ સ્ટુડન્ટ્સના મેળવેલા માર્ક્સમાં ઉમેરીને સરેરાશ ફાઇનલ મેરિટ લિસ્ટ બનાવતી હોય છે. આમ, જે વિદ્યાર્થીઓએ એડમિશન ટેસ્ટમાં સારો સ્કોર કર્યો હોય, તેઓને બેનિફિટ મળે છે.

• **કોર્સ સિલેક્શનનો હેતુ :** પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટની ઇન્ટરવ્યૂ પેનલ હંમેશાં એ જાણવા માગવા આતુર હોય છે, કે કેન્ડિડેટનું ફોકસ ફિલ્ડ કયું છે.



• **સાઇકોમેટિક ટેસ્ટ :** પર્સનલ ઇન્ટરવ્યૂ માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓનું બિહેવિયર જાણવા માટે કેટલીક પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટ સાઇક્રોમેટિક ટેસ્ટ લે છે. આવી ટેસ્ટ માટે વિદ્યાર્થીએ કોઈ તૈયારી કરવાની રહેતી નથી, કારણ કે આવી ટેસ્ટ વિદ્યાર્થીની ઇન બિલ્ટ એબિલિટી (જન્મજાત ક્ષમતા)ને ચકાસે છે, વિદ્યાર્થીએ ડેવલપ કરેલી એબિલિટીને નહીં. આવી ટેસ્ટ 15 મિનિટથી શરૂ કરીને 1 કલાક સુધીની હોઈ શકે. EDI (આંત્રપ્રિન્યોરશિપમાં P.G.D.M.) સંસ્થા પોતાના ઉમેદવારોની EAT (આંત્રપ્રિન્યોર એપ્ટિટ્યૂડ ટેસ્ટ) લઈને વિદ્યાર્થીના લિડરશિપના ગુણો, નિર્ણયશક્તિ વગેરેને ચકાસે છે.

• **પીયર લર્નિંગ સ્કિલ (સહઅધ્યાયી સાથે શીખવાની ક્ષમતા) :** જે ઇન્સ્ટિટ્યૂટ્સમાં લઘુતમ લાયકાત કોઈ પણ ફિલ્ડના ગ્રેજ્યુએશનની હોય, ત્યાં જુદા જુદા પ્રકારના ગ્રેજ્યુએશન જેમ કે ડોક્ટર, એન્જિનિયર, C.A., સાયન્સ/ કોમર્સ ગ્રેજ્યુએટ્સ, હ્યુમેનિટ્સમાં ગ્રેજ્યુએટ્સ વગેરે એન્ટ્રસ એક્ઝામમાં પાસ થઈને ઇન્ટરવ્યૂમાં આવતા હોય છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ ફેકલ્ટી ઉપરાંત અંદરોઅંદર વિદ્યાર્થીઓ પાસેથી પણ શીખતા હોય છે. આથી ICFAI જેવી પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટ્સ વિદ્યાર્થીઓના પીયર લર્નિંગ સ્કિલ પર ભાર મૂકતી હોય છે.■

**કરિયર T20 :** પૂના ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ માટે લેવાયેલા પર્સનલ ઇન્સ્ટિટ્યૂટમાં પુછાયેલો પ્રશ્ન 'મોસમના પહેલા વરસાદ થઈ ગયા બાદ હરિયાળી ધરાવતી ટેકરી કેવા રંગની દેખાશે?'

samprat_12@yahoo.com